સેકટરોમાં હોળી દહન દરમિયાન નાગરિકોએ જાગૃતતા દાખવી

સે-૨ અને સે-૭ માં વૈદિક હોળી પ્રગટાવાઇ : સાંજે ૬ :૫૮ કલાકે હોળી દહન કરાયુ : ભાવિકોએ ભીડ ભેગી ન થાય તે મુજબ દર્શનનો લાભ લીધો

ગાંધીનગર તા ૨૮

ફાગણી પુનમના રોજ સેકટરોમાં હોળી દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સે-૨ અને સે-૭ સી માં હોળી દહન વૈદિક પધ્ધતિથી કરવામાં આવ્યુ હતુ. હોળી ધુળેટીના તહેવારને અનુલક્ષી દર વર્ષે સેકટરવાસીઓમાં અનોખો ઉત્સાહ જોવા મળે છે. પરંતુ આ વર્ષે કોરોનાના કહેર વચ્ચે હોળી પર્વની ઉજવણીમાં નિરાશા જોવા મળી રહી છે. બજારમાં રંગ અને પિચકારીના સ્ટોલ્સ ઉપર પણ ખાસ ભીડ જોવા મળતી નથી. જયારે હોળી દહનની ધાર્મિક પરંપરાને જાળવવા માટે સેકટરોમાં હોળી પ્રગટાવવા માટે આયોજન કરાયુ હતુ. આજે સાંજે ૬ :૫૮ નો સમય હોળી પ્રગટાવવા માટે યોગ્ય મુહુર્ત હોવાથી સેકટરોમાં મોટાભાગે વહેલા હોળીદહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સેકટરોમાં આમ તો સોસાયટીઓમાં દરેક ઠેકાણે હોળી દહન કરવામાં આવે છે. પરંતુ કોરોનાના

● અનુસંધાન પાન-૭ પર

ભાજપ-કોંગ્રેસ મંગળવારે ઉમેદવારો જાહેર કરશે

બન્ને પક્ષોમાં કવાયત તેજ બની : કોંગ્રેસ દ્વારા બે તબક્કામાં ઉમેદવારો જાહેર થાય તેવી સંભાવના

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકા માટે ભાજપ અને કોંગ્રેસ બન્ને મંગળવારે ઉમેદવારોની યાદી જાહેર કરશે તેમ મનાઈ રહ્યુ છે.

ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં શહેરની રાજકીય સ્થિતિ અને અન્ય બાબતોને લઈ રજુ થયેલા અહેવાલ પછી પ્રદેશ કક્ષાએથી ઉમેદવારોની પસંદગી અંગેની વિશેષ કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મહાનગરની આ ત્રીજી સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે ભાજપ અગાઉ નક્કી કરેલા માપદંડ પ્રમાણે જ આગળ વધશે. જો કે ઉમેદવારોની પસંદગીમાં યુવા ચહેરા અને સંગઠ્ઠન સાથે સુયોગ્ય સંકલન જાળવી શકે તેવા કસાયેલા ઉમેદવારો તરફ ઝુકાવ રાખશે તેમ મનાઈ રહ્યુ છે.

ઉમેદવારોની પસંદગી માટેની કવાયત લગભગ તેના અંતિમ ચરણમાં પહોંચી ગઈ હોવાનું પક્ષના સૂત્રોનું કહેવુ છે. રવિ-સોમની રજાને પગલે મંગળવારે સાંજે યાદી જાહેર થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

બીજી તરફ કોંગ્રેસના નિરીક્ષકોએ આજે વોર્ડ પ્રમુખ, નિમાયેલા નિરીક્ષકો પાસેથી પણ જરૂરી અભિપ્રાયો મેળવી લીધા છે.

કોંગ્રેસના નિરીક્ષકોએ આજે શહેર કોંગ્રેસની સંકલન સમિતિના સભ્યો સાથે પણ બેઠક કરી હતી. હવે નિરીક્ષકો એકાદ દિવસમાં તેમનો અહેવાલ તૈયાર કરી અને પેનલોમાં ઉમેદવારના નામ પ્રદેશ સમિતિને આપી દેશે.

પ્રદેશ સમિતિ દ્વારા મંગળવાર અથવા બુધવારે સવારે આ યાદીને બહાલી આપી અને યાદી જાહેર કરી દેશે તેમ મનાઈ રહ્યુ છે. કેટલાક વોર્ડમાં જો અને તો નું ગણિત ધ્યાને રાખી તેમની ઉમેદવારી અંગે ગુરૂવારે સવારે નિર્ણય લેવાય તેવા પણ સંકેતો પક્ષના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

ગુરૂવાર એ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે. રાજકીય વિશ્લેષકોના મત મુજબ આપ સહિત અન્ય પક્ષો અને અપક્ષો પણ આ જંગમાં ઝુકાવશે એટલે મનપાનો જંગ બહુકોણીય બને તો નવાઈ નહિ થાય.

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ વધુ ઉગ્ર : તાપમાન ૪૧.૮ ડીગ્રી

હજુ માર્ચ પુરો થયો નથી ત્યાં ગરમીનો મિજાજ આક્રમક બનતા દિવસે અંગ દઝાડતી ગરમીથી જનજીવન પ્રભાવિત લઘુત્તમ તાપમાન ૪.૫ ડીગ્રીનો ફેરફાર રાત્રિની ઠંડક પણ અદ્રશ્ય

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં ગરમીએ ઉગ્ર મિજાજ દાખવતા છેલ્લા બે દિવસથી સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ રહી છે. ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૪૦.૫ ડીગ્રી

નોંધાયુ હતુ. જયારે આજે અચાનક જ ગરમીનો પારો ૪૧.૮ ડીગ્રીએ પહોંચી જતા આજનો દિવસ પ્રારંભિક ઉનાળે સૌથી ગરમ પુરવાર થયો હતો. દિવસે અંગ દઝાડતી ગરમીના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. રજાનો દિવસ હોવાથી ગરમીની અસર વચ્ચે દિવસ દરમિયાન શહેરના માર્ગો અને સેકટરોની શેરીઓમાં સન્નાટો જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં ગરમીનો પારો સતત બીજા દિવસે ઉપર ચઢતા આજે પણ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. આજે મહત્તમ તાપમાન ૪૧.૮ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. હજુ હોળી ધુળેટીના પર્વની ઉજવણી સંપન્ન પણ થઈ નથી ત્યાં ગરમીએ તીખો તેવર બતાવતા આક્રમક ઉનાળાની શરૂઆતથી જ જનજીવન પ્રભાવિત થયુ હતુ. આજે રવિવારની રજાએ ગરમી મેદાનમાં ઉતરતા દિવસ દરમિયાન નાગરિકો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. સવારથી જ ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળ્યો હતો. બપોર થતા તાપ આકરો બન્યો હતો જેના લીધે નાગિરકોએ ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. દિવસે અંગ દઝાડતી ગરમીથી બપોરના સમયે બજારમાં પણ સન્નાટો છવાયો હતો સાંજના પણ ગરમીની અસર યથાવત રહી હતી જેના લીધે મોડી સાંજ સુધી કામ સિવાય નાગરિકો ઘરની બહાર નિકળ્યા ન હતા. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧.૩ ડીગ્રી ઉંચકાતા આજે પણ સિઝનની રેકર્ડ બ્રેક ગરમીએ સૌ કોઈને દઝાડયા હતા. જયારે ગરમીની સાથે લઘુત્તમ તાપમાન પણ ઉંચકાયુ હતુ લઘત્તમ તાપમાનમાં પણ ૪.૫ ડીગ્રી ઉપર આવ્યુ હતુ. જેના લીધે રાત્રિના સમયે પણ ગરમીની અસર વર્તાઈ હતી. આકરી ગરમીના દિવસો શરૂ થતા નગરજનો હીટવેવથી બચવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. સામાન્ય રીતે એપ્રિલ મહીનામાં ગરમીનો પારો ૪૧ ડીગ્રીની ઉપર જતો હોય છે. જયારે હજુ માર્ચ પણ પુરો થયો નથી ત્યાં ગરમીનો મિજાજ આક્રમક બનતા શહેરીજનો બેબાકળા બન્યા છે. કોરોનાના કહેર વચ્ચે ગરમીનુ જોર પણ અચાનક વધતા જન આરોગ્ય પર મોસમના મિજાજની અસર વર્તાઈ રહી છે.

કોંગ્રેસે મનપાના જંગ માટે મેનીફેસ્ટો કમિટીની રચના કરી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી માટે કોંગ્રેસ ખાસ ચૂંટણી સંકલ્પ પત્ર તૈયાર કરશે. જે ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ તુરત જ જાહેર કરવામાં આવશે.

શહેર કોંગ્રેસ સમિતિ તરફથી આ માટે છ સભ્યોની કમિટી રચવામાં આવી છે. જેમાં સી.જે. પરમાર, અશ્વિનભાઈ ટાપરીયા, રાકેશ જાની, હરેશ પટેલ, ચિમનભાઈ વિંઝુડા અને વિજયસિંહ વાઘેલાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત મેનીફેસ્ટો કમિટીમાં વિશેષ આમંત્રિત તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુભાઈ પટેલ અને નિશિતભાઈ વ્યાસ અને સત્યાગ્રહી નિમેષભાઈ શાહ ઉપરાંત સંજયભાઈ અમરાણી (આઈ.એ.એસ. નિવૃત્ત) સહયોગ કરી ગુણાત્મક સુચનો દ્વારા નોંધપાત્ર પ્રદાન કરશે. તેમજ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહ અને ગાંધીનગર મહાનગર પાલિકાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા વિશેષ માર્ગદર્શન અને સુચન આપવા ઉપસ્થિત રહેશે.

માણસા-દહેગામ-ગાંધીનગરનો બે-બે સમિતિના ચેરમેન પદ ફાળવવાની હિલચાલ

મંગળવારે પંચાયતની સામાન્ય સભા : કોંગ્રેસ પહેલી બેઠકથી જ આક્રમક તેવર અપનાવવાના મૂડમાં પણ વિકાસમાં પૂરો સહયોગ આપવાના મૂડમાં

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની મંગળવારને તા. ૩૦મીના રોજ મળનારી સામાન્ય સભામાં બજેટ ઉપરાંત પંચાયતની ૮ જેટલી સમિતિઓની રચના પણ કરવામાં આવશે.

બે દાયકા બાદ સત્તા હાંસલ કરનાર ભાજપે સમિતિઓની રચનામાં બધા તાલુકાના પ્રતિનિધિઓને સ્થાન આપશે. મળતી વિગતો પ્રમાણે શિક્ષણ અને મહિલા-બાળ વિકાસ સમિતિનું ચેરમેન પદ માણસા તાલુકાને જયારે ખેતીવાડી અને ૨૦ મુદ્દા અમલીકરણનું ચેરમેનપદ દહેગામ તાલુકાને તેમજ ગાંધીનગરને આરોગ્ય અને બાંધકામ સમિતિ અને કલોલ તાલુકાને કારોબારી સમિતિનું ચેરમેનપદ આપશે.

જિલ્લા ભાજપના આગેવાનો સાથે પંચાયતના પદાધિકારીઓ બેઠકનો દોર ચલાવી રહ્યા છે. બજેટ માટે પણ આ બેઠક પહેલી હોવાથી હાલ તો મંજૂરી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે કેટલાક સુધારાઓ કરાવવામાં ભાજપને સફળતા મળી છે પણ કેટલાક સુધારા સુધારેલા બજેટમાં સમાવવાની વાત તંત્રએ કરી હાલ બજેટની મંજૂરી માટેનો માર્ગ મોકળો કર્યો છે.

કોંગ્રેસ પક્ષ પણ જિલ્લામાંથી જે રીતે ૧૯ ગામ અને ૧ નગરપાલિકાને ગાંધીનગર-અમદાવાદમાં ભેળવવામાં આવતાં કેટલી આવક ગુમાવવી પડી અને કયા ક્ષેત્રમાંથી નવી આવક ઉભી કરાશે તેને લઈ તૈયારીઓ કરી રહ્યાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

ધ ગોડસ ગીફટ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં પ્રથમવાર અબોલ પશુ પક્ષીઓની સેવા માટે એક શેલ્ટર હોમ શરૂ કરવામાં આવ્યુ છે. સરગાસણ સ્થિત આ શેલ્ટર હોમમાં બિમાર અને ઈજાગ્રસ્ત પશુઓની સારવાર કરવામાં આવે છે. બિમાર તેમજ ઈજાગ્રસ્ત પશુઓની પુરતી કાળજી રાખવા માટે શેલ્ટર હોમમાં વ્યવસ્થા કરવામાં આવી છે. ધ ગોડસ ફાઉન્ડેશન દ્વારા આ ઉમદા સેવા શરૂ કરવામાં આવી છે. અબોલ જીવની પીડા સમજીને નિસ્વાર્થ સેવા પુરી પાડવામાં આવે છે. આ સેન્ટર હોમ માટે આમ નાગરિકો પણ યોગ્ય સહકાર આપે તેવી અપીલ પણ સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

જિલ્લામાં કોરોનાના ૪૧ કેસ

કુડાસણમાં 3 વર્ષના બાળક સહિત ૭ કેસ સાથે ગાંધીનગરમાં તાલુકામાં ૧૮ કેસ, દહેગામમાં ૧ કેસ : સે. ૨૬ માં ૫, સે. ૧૫ માં 3, સે. ૭, ૨, ૪, ૩૦ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨, 3, ૪, ૫, ૧3, ૨૨, ૨૫ અને પાલજ ગામેથી કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૪૧ નવા કોરોનાના કેસ મળી આવ્યા છે. જિલ્લામાં કોરોનાનો ચેપ રેટ ૨.૪૦ ટકા સુધી પહોંચતા તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૯ અને ગાંધીનગર શહેરમાં ૨૨ કેસ નોંધાયા છે. જિલ્લામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રએ પણ વેકસીનેશન સર્વેલન્સ અને ટેસ્ટીંગની કામગીરી સઘન બનાવવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૮ કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે જયારે એક કેસ દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ એકટીવ કેસની સંખ્યા ૧૦૦ની નજીક સરકી રહી હોવાથી તંત્રની દોડધામ વધવા પામી છે.

આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દીઓ, એક વિદ્યાર્થી, પાંચ કર્મયોગીઓનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૪ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૩ વર્ષનું નાનુ ફુલ અને નવ વર્ષની બાળકી પણ સંક્રમિત થઈ હોવાથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકાના લવાડ ગામેથી ૨૫ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૧૮ કેસ નોંધાયા છે. તાલુકામાં જે રીતે કોરોના બેખોફ બની વિસ્તરી રહ્યો છે તેનાથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

કોરોના માટે શરૂઆતથી સંવેદનશીલ ગણાતા કુડાસણમાંથી આજે ૩ વર્ષના એક નાના ફૂલ સહિત કુલ ૭ કેસ નોંધાયા છે. કુડાસણમાંથી સતત કેસો મળી રહ્યા છે. આ ઉપરાંત પેથાપુરમાંથી બે, રાંદેસણમાંથી ૪ તેમજ ભાટ, ચંદ્રાલા, રાયસણ, સરગાસણ અને લવારપુરમાંથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૩૨૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૫ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૧૩૪૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લામાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૧૧૦ના આંકને પાર કરી ગઈ છે. તંત્રએ હોમ આઈસોલેશન અને હોમ ક્વોરોન્ટાઈનના કડક અમલીકરણની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૨૨ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના આજે નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ છુટાછવાયા કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સે. ૨૬ માંથી પાંચ, સે. ૧૫ માંથી ૩, સે. ૭, ૨૪ અને ૩૦ માંથી બે-બે કેસ ઉપરાંત સે. ૨, ૩, ૪, ૫, ૧૩, ૨૨, ૨૫, પાલજમાંથી કેસો મળી આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૪ વિદ્યાર્થી ઉપરાંત તલાટી કમ મંત્રી, બજાજના શો રૂમ માણસા સાથે સંકળાયેલ વ્યકતી, બે કર્મયોગી, મેડીકલ ફાર્મસી ક્ષેત્ર સાથે સંકળાયેલ યુવક, એડવોકેટ અને નાયબ ઓડિટરનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓ, મહિલાઓ અને મોટીવયના દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. તંત્રએ શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ માસ્કના નિયમની અમલવારી કડક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં આજે ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૨૦૦ થી વધુ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. કોરોના માટે અગાઉ સંવેદનશીલ બનેલા વિસ્તારોમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

ગ્રામ્યમાં ૧૯, શહેરમાં ૨૨ નવા કેસ નોંધાયા

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com